Azadi Ka Amrit Mahotsav

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-Mail : amrelideo@gmail.com Website : https://deoamreli.com

સત્યમેવ જયતે

ક્રમાંક:પરચ/માતૃભાષા/સ્પર્ધા/૨૦૨૩ પરીપત્ર નં - ૩૦૨ તા.૦૮/૦૨/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ સરકારી /ગ્રાન્ટેડ / સેલ્ફાઇનાન્સ

પ્રાથમિક,માધ્યમિક ,ઉચ્ચતર માધ્યમિક અને આર.એમ.એસ.એ. તથા મોડેલ સ્કૂલ શાળાઓ અને કોલેજ,

જિ. અમરેલી

વિષય: આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ 21 ફેબ્રુઆરીના ઉપલક્ષ્યમાં માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે નિબંધ સ્પર્ધા તથા વાર્તા સ્પર્ધાના આયોજન બાબત.

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી,ટ્રસ્ટ-અમરેલી દ્વારા આગામી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ 21 ફેબ્રુઆરી 2023ના ઉપલક્ષ્યમાં તથા આઝાદીના અમૃત મહોત્સવ અન્વયે અમરેલી જિલ્લાની તમામ પ્રાથમિક,માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક અને વાલી/સામાજિક વિભાગ એમ કુલ ચાર વિભાગમાં નિબંધ સ્પર્ધા તથા વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધાના વિષયો અને નિયમો નીચે મુજબ છે.

**નિબંધ માટેના વિષયો:**

**પ્રાથમિક વિભાગ: (ધોરણ ૬ થી ૮)**

૧. ગુજરાતી ભાષા - મારી મા

૨. મહાત્મા ગાંધીજીના માતૃભાષા અંગેના વિચારો.

૩. મારું પ્રિય ગુજરાતી પુસ્તક

**માધ્યમિક વિભાગ: (ધોરણ ૯ થી 10)**

૧. મને વ્હાલી-મારી મા, માતૃભૂમિ અને માતૃભાષા

૨. ઝવેરચંદ મેઘાણી ગુજરાતી ભાષાનું ઘરેણું

૩. મારા પ્રિય ગુજરાતી સાહિત્યકાર

**ઉચ્ચતર માધ્યમિક વિભાગ: (ધોરણ 11 થી 12)**

૧. વિશ્વસ્તરે વિસ્તરેલી : ગુજરાતી ભાષા અને ગુજરાતી લોકોની સુવાસ

૨. ગરવો ગુજરાતી- સરદાર વલ્લભભાઈ પટેલ

૩. વર્તમાન ગુજરાતી સાહિત્યકારો

૪. માતૃભાષાની મહત્તા

વાલી /સામાજિક વિભાગ:

૧. ગુજરાતી ભાષા અને લોકબોલીમાં ગુજરાતી

૨. અમરેલી ના કવિ રમેશ પારેખની કવિતામાં તળપદા શબ્દોનો ઉપયોગ

૩. લોકગીતો માં છલકાતી આપણી ગુજરાતી સંસ્કૃતિ

૪. પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં જ

વાર્તા માટેના વિષયો:

પ્રાથમિક અને માધ્યમિક કક્ષા માટે :બાલવાર્તા સ્વરૂપની વાર્તા

૧. પશુ,પક્ષી,વૃક્ષો,જલાશય વાર્તામાં આ શબ્દોનો ઉલ્લેખ કે વર્ણન આવે તેવા પ્રકારની વાર્તા

૨. મહેલ,લોકો,રાજા,યુદ્ધ,પર્વત વાર્તામાં આ શબ્દોનો ઉલ્લેખ કે વર્ણન આવે તેવા પ્રકારની વાર્તા

૩. માં,માતૃભૂમિ,માતૃભાષા,સાહસ,પરિશ્રમ વાર્તામાં આ શબ્દોનો ઉલ્લેખ કે વર્ણન આવે તેવા પ્રકારની વાર્તા

ઉચ્ચતર માધ્યમિક તથા સામાજિક વિભાગ

૧. ઋતુરાજ વસંત જેવા પર્યાવરણસંબંધી શબ્દોનો ઉલ્લેખ કે વર્ણન આવે તેવા પ્રકારની વાર્તા

૨. બહાદુરી કે ખાનદાની વાર્તામાં આ પ્રકારનો સંદર્ભ કે વર્ણન આવે તેવા પ્રકારની વાર્તા

૩. સત્ય ઘટના કે પ્રેરક પ્રસંગ પર ની વાર્તા.

નિયમો:

૧.નિબંધ અથવા વાર્તા ગુજરાતી ભાષામાં જ લખવાની રહેશે.

૨.નિબંધ અથવા વાર્તા કાગળની એક બાજુ લખવી.

૩.પ્રાથમિક વિભાગ માટે 200 શબ્દો, માધ્યમિક વિભાગ માટે 300 શબ્દો, ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે 400, શબ્દો અને સામાજિક/વાલી વિભાગ માટે 500 શબ્દોની મર્યાદા રહેશે.

૪. દરેક વિભાગમાં આપવામાં આવેલ વિષયમાંથી કોઈ પણ એક વિષય પર આપે નિબંધ દીપક હાઈસ્કૂલ, રૂપાયતન,ગાયત્રી શક્તિપીઠ પાસે, ચિતલ રોડ,અમરેલી.મુકામે આવીને લખવાનો રહેશે.સામાજિક વિભાગમાંથી ભાગ લેનાર સ્પર્ધકો નિબંધ કે વાર્તા પોતાના ઘરેથી લખીને દીપક હાઈસ્કૂલના સરનામે મોકલી શકશે.

૫. નિબંધ / વાર્તા મૌલિક,સ્પષ્ટ,સુવાચ્ય અને સુંદર અક્ષરો, યોગ્ય વિરામચિન્હો સાથે પાનાની એક બાજુએ લખેલા હોવા જોઈશે.

૬. આવેલા નિબંધો/વાર્તા ની યોગ્યતા ચકાસીને સંસ્થાના મેગેઝીનમાં તેમને પ્રકાશિત કરવાનો સર્વાધિકાર સંસ્થાનો રહેશે.

૭. પ્રત્યેક વિભાગમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે

૮. પ્રત્યેક વિભાગમાં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર સ્પર્ધકોને ખાસ સમારંભમાં પુરસ્કૃત કરવામાં આવશે.

૯. સ્પર્ધાની તારીખ 21 ફેબ્રુઆરી 2023 ને મંગળવાર બપોરે13:00 કલાકે રહેશે.સ્પર્ધકો માટે શાળામાં અલ્પાહાર ની વ્યવસ્થા રહેશે. આવવા જવાનું ભાડું આપવામાં આવશે નહીં.સામાજિક વિભાગમાં ભાગ લેનાર સ્પર્ધકોએ 21 ફેબ્રુઆરી 2023 ને મંગળવાર સુધીમાં પોતાનો નિબંધ કે વાર્તા શાળાએ પહોંચાડવાની રહેશે.

વાર્તા લેખનના અંતે " આ વાર્તા મારી પોતાની મૌલિક વાર્તા છે " તે પ્રમાણેનું પ્રમાણપત્ર સ્વ હસ્તાક્ષરે આપવાનું રહેશે.

૧૦. શાળા કે સંસ્થામાંથી પ્રત્યેક વિભાગમાં વધુને વધુ ત્રણ સ્પર્ધકો ભાગ લઈ શકશે.

૧૧. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

આ સ્પર્ધાઓ અંગે જો કોઈ પૃચ્છા હોય તો આચાર્યશ્રી ડૉ. અમિતભાઈ ઉપાધ્યાય,દીપક હાઇસ્કુલ,અમરેલી 94277 44495 પર સંપર્ક કરવો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમરેલી

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી